## ભારત બહાર વિદેશ પ્રવાસ માટે વિદેશી મૂડી રિલીઝ કરવી 1, જુલાઈ 2002 મુજબ

**ભારતીય રિઝર્વ બેંક**
**એક્સચેન્જ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ, કેન્દ્રિય ઓફિસ, મુંબઈ.**

ઇ સી.સી ઓ. પી સી ડી. નં.3/15.02.76/2002-03

15 જુલાઈ, 2002

પ્રતિ,
વિદેશી મૂડીના તમામ અધિકૃત ડિલરો

માનનીય સાહેબ,

**માસ્ટર પરિપત્ર : ભારત બહાર પ્રવાસ માટે વિદેશી મૂડી રિલીઝ કરવી.**

તમે જાણો છો તે મુજબ 1 જૂન, 2000થી વિદેશી મૂડી વ્યવસ્થાપન એક્ટ, 1999 અમલમાં અ ાવ્યો છે. અ `કટના સેક્સન 5 મુજબ કોઈ પણ વ્યક્તિ કરંટ અ `કાઉન્ટ લેવડદેવડ માટે અધિકૃત વ્યક્તિ પાસેથી વિદેશી મૂડી લઈ શકે છે અને અ ાપી શકે છે. જોકે કેન્દ્ર સરકારને જાહેર હિતમાં અને રિઝર્વ બેંક સાથે પરામર્શથી કરંટ અ `કાઉન્ટ લેવડદેવડ પર કેટલાક નિયંત્રણો મૂકવાની સત્તા અપાયેલી છે. તે માટે 3 મે, 2000ના જાહેરનામાથી ભારત સરકારે જાહેરનામુ ક્રમાંક જી એસ આર 381 (ઇ) બહાર પાડીને 30 માર્ચ, 2001ના જાહેરનામા ક્રમાંકની એસ ઓ 301 (ઇ) થી તેમાં સુધારો કર્યો છે. જાહેરનામાની નકલ (30 માર્ચ, 2001ના સુધારા મુજબ) સાથે જોડેલી છે.

2. રિઝર્વ બેંકે ભારત બહાર પ્રવાસ કરવા માટે વિદેશી મૂડી રિલીઝ કરવા માટે કેટલાક પરિપત્રો બહાર પાડ્યા છે. જેમાં અધિકૃત વ્યક્તિઓ માટે સૂચના અપાયેલી છે.

3. અધિકૃત ડિલરો (એડી) અને ફૂલ ફ્લેજ્ડ મની ચેન્જર્સ (અ `ફઅ `મસી)ને `ભારત બહાર પ્રવાસ માટે વિદેશી મૂડી રિલીઝ કરવા અંગે' તમામ વર્તમાન સૂચનાઓ એકસાથે મળે તે માટે રિઝર્વ બેંકે 31 ઓગસ્ટ, 2001ના પોતાના પત્ર ઇ સી.કો.પી સી ડી ક્રમાંક 17/15.02.76/2001-02થી માસ્ટર સર્ક્યુલર બહાર પાડ્યો છે. આ માસ્ટર સર્ક્યુલરમાં નીચેના પરિપત્રોની વિગતો સામેલ કરી લઈને 1 જુલાઈ, 2002ના અપડેટ કરાયો છે.

(1) એપી. (ડીઆઈઆર સિરિઝ) પરિપત્ર ક્રમાંક 1 એપી (એફએલ સિરિઝ) પરિપત્ર ક્રમાંક 1 1 જૂન 2000

(2) એપી (ડીઅ ાઈઅ ાર સિરિઝ) પરિપત્ર ક્રમાંક 19 30 ઓક્ટોબર, 2000

(3) એપી (ડીઅ ાઈઅ ાર સિરિઝ) પરિપત્ર ક્રમાંક 20 એપી (એફએલ સિરિઝ) પરિપત્ર ક્રમાંક 2 16 નવેમ્બર, 2000

(4) એપી (ડીઅ ાઈઅ ાર સિરિઝ) પરિપત્ર ક્રમાંક 11 એપી (એફએલ સિરિઝ) પરિપત્ર ક્રમાંક 1 13, નવેમ્બર, 2001

(5) એપી (ડીઆઈઆર સિરિઝ) પરિપત્ર ક્રમાંક 12 એપી (એફએલ સિરિઝ)

આપનો વિશ્વાસુ

ગ્રેસ કોશી
મુખ્ય મહા પ્રબંધક

ભારત બહાર પ્રવાસ માટે વિદેશી મૂડી રિલિઝ કરવા માટે માસ્ટર પરિપત્ર સામગ્રી

ભાગ-1 વિદેશી મૂડી વ્યવસ્થાપન (કરંટ એકાઉન્ટ ટ્રાન્સેક્શન રૂલ્સ), 2000

ભાગ-2 પ્રવાસ માટે વિદેશી મૂડી અધિકૃત ડિલરો દ્વારા રિલિઝ કરવી.

ભાગ-3 પ્રવાસ માટે વિદેશી મૂડી ફૂલ ફ્લેઝ્ડ મની ચેન્જર્સ (એફએફએમસી) દ્વારા રિલિઝ કરવી.

ભાગ-1

જાહેરનામુ

નવી દિલ્હી 3જી મે 2000

(30 માર્ચ, 2001ના જાહેરનામા એસ ઓ.301 (ઇ)થી સુધાર્યા મુજબ)

જીએસઆર 381 (ઇ) વિદેશી મૂડી વ્યવસ્થાપન ધારો, 1999ના સેક્સન 46ના સબ સેક્સન (2)ના સેક્સન 5 અને સબ સેક્સન (1) અને ક્લોઝ (અ) હેઠળ તથા આરબીઆઈ સાથે પરામર્શ કર્યા બાદ કેન્દ્ર સરકારે જાહેર હિતમાં નિયમોમાં નીચે મુજબ સુધારા કરવાનું જરૂરી માન્યું છે. જે નિયમો છે શોર્ટ ટાઇટલ અ ેન્ડ કમેન્સમેન્ટ-(1) અ ા નિયમો વિદેશી મૂડી વ્યવસ્થાપન (કરંટ અ ેકાઉન્ટ ટ્રાન્જેક્શન) નિયમો 2000 તરીકે ઓળખાશે.

(2) તેઓ 1 જૂન, 2000થી અમલમાં આવશે.

2. વ્યાખ્યાઓ - આ નિયમોમાં સંદર્ભ અલગ ન હોય ત્યાં સુધી નીચે મુજબ વ્યાખ્યાતિત થશે.

અ `અ ેક્ટ'નો અર્થ થશે ફોરેન અ ેક્સચેન્જ મેન્જમેન્ટ એક્ટ 1999 (1999નું 42);

બ ડ્રોઅલનો અર્થ થશે અધિકૃત વ્યક્તિ પાસેથી વિદેશી મૂડી ઉપાડવી અને તેમાં લેટર ઓફ ક્રેડિટ ખોલવાનો અથવા, આ ંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડ અથવા અ ા ંતરરાષ્ટ્રીય ડેબિટ કાર્ડ અથવા એટીએમ કાર્ડ અથવા બીજી કોઈપણ ચીજનો સમાવેશ થશે જેનાથી વિદેશી મૂડીની જવાબદેહી ઊભી થઈ શકે.

ક. `શિડ્યૂલ'નો અર્થ થશે અ ા નિયમોમાં સામેલ શિડ્યુલ ને શબ્દો અને અભિવ્યક્તિઓ આ નિયમોમાં વ્યાખ્યાપિત કરવામાં નથી અ ાવી પરંતુ જે એક્ટમાં વ્યાક્યાપિત કરાયેલ છે. તેનો અર્થ એ જ રહેશે જે અ ેક્ટમાં અ ાપેલ છે.

3. વિદેશી મૂડી ઉપાડવા પરના નિયંત્રણો : નીચેના હેતુ માટે કોઈપણ વ્યક્તિ માટે વિદેશી મૂડીનો ઉપાડ પ્રતિબંધિત છે.

બ. શિડ્યુલ 1માં દર્શાવવામાં આવેલ ટ્રાન્જેક્શન; અથવા

ક. નેપાળ અને/ અથવા ભૂતાનનો પ્રવાસ અથવા

ડ. નેપાળ અથવા ભુતાનમાં રહેતી વ્યક્તિ સાથે લેવડદેવડ આરબીઆઈ અ ાવશ્યક માને તો નિયમો અને શરતોને ધ્યાનમાં રાખીને ક્લોઝ (ક)માં નિર્ધારિત કરાયેલ નિયંત્રણોમાં મુક્તિ અ ાપી શકાશે.

4. ભારત સરકારની પૂર્વ મંજૂરી : ભારત સરકારની પૂર્વમંજૂરી લીધા વગર કોઈપણ વ્યક્તિ શિડ્યુલ 2માં દર્શાવ્યા મુજબ લેવડદેવડ કરવા માટે વિદેશી મૂડી નહીં ઉપાડી શકે, સિવાય કે આ નિયમ એવા કિસ્સામાં લાગુ નહીં પડે જેમાં આ ચૂકવણી નાણાં વટાવનારના / રેસિડેન્ટ ફોરેન કરન્સી એકાઉન્ટ (આરએફસી)ના ફંડમાંથી કરવામાં અ ાવી હોય.

5. રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી : રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી વગર કોઈપણ વ્યક્તિ શિડ્યુલ 3માં દર્શાવ્યા મુજબ લેવડદેવડ કરવા માટે વિદેશી મૂડી નહીં ઉપાડી શકે, સિવાય કે આ નિયમ એવા કિસ્સામાં લાગુ નહીં

પડે જેમાં આ ચૂકવણી નાણાં વટાવનારના રેસિડેન્ટ ફોરેન કરન્સી એકાઉન્ટ (આરએફસી)ના ફંડમાંથી કરવામાં અ ાવી હોય.

6 (1) નિયમ 4 અને નિયમ 5માં જણાવવામાં અ ાવેલી કોઈપણ બાબત નાણાં વટાવનારના એક્સચેન્જ અર્નર્સ ફોરેન કરન્સી (ઈઈએફસી) એકાઉન્ટમાં રહેલા ફંડમાંથી ઉપાડ કરવામાં આવ્યો હોય ત્યારે લાગુ નહીં પડે.

(2) પેટા નિયમ (1)માં ગમે તે સૂચના આપવામાં અ ાવી હોય, નિયમ (4) અને નિયમ (5)માં જણાવવામાં અ ાવેલા નિયંત્રણો એવા સંજોગોમાં લાગુ પડશે જેમાં એક્સચેન્જ અર્નર્સ ફોરેન કરન્સી (ઈઈએફસી) અ`કાઉન્ટમાંથી વિદેશી મૂડીનો ઉપાડ શિડ્યૂલ્ડ-2ની અ ાઈટમ 10 અને 11ના હેતુ માટે અથવા શિડ્યૂલ 3ની અ ાઈટમ 3,4,11,16 અને 17 માટે હોય.

શિડ્યૂલ-1

(નિયમ 3 જુઓ)

1. લોટરીમાં જીતવાથી મોકલાયેલી રકમ.

2. રેસિંગ/રાઈડિંગ કે બીજા કોઈ શોખમાંથી મળેલી અ ાવકથી મોકલાયેલી રકમ.

3. લોટરીની ટિકિટ, પ્રતિબંધિત મેગેઝિન્સ, ફૂટબોલ, પુલ્સ, સ્વીપ સ્ટેક્સ માટે મોકલાયેલી રકમ વગેરે.

4. ભારતીય કંપનીઓના સંયુક્ત સાહસો/ વિદેશમાં સંપૂર્ણ માલિકોની સબસિડીયરીમાં ઈક્વિટી ઇન્વેસ્ટમેન્ટ માટે નિકાસ માટે કમિશનની ચૂકવણી.

5. ડિવિડન્ડ બેલેન્સિંગ લાગુ પડતું હોય તેવી કોઈપણ કંપની તરફથી ડિવિડન્ડની ચૂકવણી.

6. રૂપી સ્ટેટ ક્રેડિટ રૂટ હેઠળ નિકાસ પર કમિશનની ચૂકવણી.

7. ટેલિફોનના `કોલ બેક સર્વિસ' સંબંધિત ચૂકવણી.

8. નોન રેસિડેન્ટ સ્પેશિયલ રૂપી (એકાઉન્ટ) સ્કીમમાં રખાયેલ ફંડ પર વ્યાજની આવકની ચૂકવણી.

શિડ્યૂલ II

(નિયમ 4 જુઅ ા)

ચૂકવણીનો હેતુ

જેની પરવાનગી જરૂરી હોય તે મંત્રાલય/ભારત સરકારનો વિભાગ

1. સાંસ્કૃતિક ટૂર

માનવ સંસાધન વિકાસ મંત્રાલય (શિક્ષણ અને સાંસ્કૃતિક વિભાગ)

2. રાજ્ય સરકાર અને તેના જાહેર ક્ષેત્રના સાહસો દ્વારા પર્યટન, વિદેશી રોકાણ અને આંતરરાષ્ટ્રીય બિડિંગ (10,000 અમેરિકન ડોલરથી વધુ) માટે વિદેશી પ્રિન્ટ મિડિયામાં જાહેરખબર.

નાણાં મંત્રાલય (અ ાર્થિક બાબતોનો વિભાગ)

3. પીએસયુએ ચાર્ટર કરેલા જહાજના ફ્રેઈટની ચૂકવણી.

ભૂમિપરિવહન મંત્રાલય (ચાર્ટરિંગ વિંગ)

4. સી.આઈ.એફ. બેઝિસ પર સરકારી વિભાગ અથવા

પીએસયુ દ્વારા આયાત પર ચૂકવણી (એફઓબી અને એફએએસ બેઝિસ સિવાય)

ભૂમિ પરિવહન મંત્રાલય, (ચાર્ટરિંગ વિંગ)

5. મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ ઓપરેટર્સ, જેઓ તેમના વિદેશ સ્થિત એજન્ટોને ચૂકવણી કરતા હોય.

ડિરેક્ટર જનરલ અ ોફ શિપિંગ તરફથી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ

6. ટ્રાન્સપોન્ડર્સ માટે હાયરિંગ ચાર્જિસની ચૂકવણી.

નાણાં મંત્રાલય (અ ાર્થિક બાબતોનો વિભાગ)

7. ડિરેક્ટર જનરલ ઓફ શિપિંગે નિર્ધારિત કરેલા રેટ કરતા વધારે કન્ટેઈનર ડિટેક્શન ચાર્જિસની ચૂકવણી.

ભૂમિ પરિવહન મંત્રાલય (ડિરેક્ટર જનરલ ઓફ શિપિંગ)

8. ટેક્નિકલ કોલોબોરેશન એગ્રીમેન્ટ હેઠળ કરાયેલી ચૂકવણી જેમાં રોયલ્ટીની ચૂકવણી લોકલ સેલ્સના 50%થી ઉપર હોય અને નિકાસ પર 8%થી ઉપર હોય અને લમ્પસમ ચૂકવણી 20 લાખ અમેરિકન ડોલર કરતા વધારે હોય.

ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય

9. આંતરરાષ્ટ્રીય/ રાષ્ટ્રીય/ રાજ્ય સ્તરની રમતગમતની સંસ્થા સિવાયની વ્યક્તિ દ્વારા વિદેશમાં રમતગમતમાં મળેલી ઈનામની રકમ/ સ્પોન્સરશીપની રકમની ચૂકવણી જો અ ા રકમ 1,00,000 અમેરિકન ડોલર કરતા વધુ હોય.

માનવ સંસાધન વિકાસ મંત્રાલય (યુવા બાબતો અને રમતગમત વિભાગ)

10. વિદેશ સ્થિત કંપનીમાંથી અ ારોગ્ય વીમો મેળવવા માટે કરાયેલી ચૂકવણી

નાણાં મંત્રાલય (વીમા વિભાગ)

11. પીએન્ડઆઈ કલબના સભ્યપદ માટે ચૂકવણી

નાણાં મંત્રાલય (વીમા વિભાગ)

શિડ્યૂલ III

નિયમ 5 જુઅ ો

1. કુસ્તીબાજ, નર્તક, મનોરંજન કરનાર વગેરે કલાકારો દ્વારા કરાતી ચૂકવણી. (આ નિયંત્રણ આઈટીડીસી, સ્ટેટ ટુરિઝમ ડેવલોપમેન્ટ કોર્પોરેશન વગેરે સાથે સંકળાયેલ સંસ્થાના કલાકારોને ખાસ તહેવારો દરમિયાન લાગુ નહીં પડે. તેમજ ફાઈવસ્ટાર કેટેગરીની હોટલના કલાકારોને પણ લાગુ નહીં પડે. જ્યાં ખર્ચની ચૂકવણી ઈઈએફસી એકાઉન્ટમાંથી કરવામાં આવી હોય.

2. કોઈપણ દેશમાં (નેપાળ અને ભુતાન સિવાય) એક અથવા વધુ ખાનગી મુલાકાત માટે એક જ કેલેન્ડર વર્ષમાં 5000 અમેરિકન ડોલર અથવા તેને સમકક્ષથી વધારે મૂડી રિલિઝ કરવી.

3. પ્રતિ ચૂકવનાર/ ડોલર દીઠ દર વર્ષે મળતી 5000 અમેરિકન ડોલરથી વધુની ગિફ્ટ.

4. પ્રતિ ચૂકવનાર/ ડોલર દીઠ દર વર્ષે મળતું 5000 અમેરિકન ડોલરથી વધુ રકમનું દાન.

5. રોજગાર માટે વિદેશ જતી વ્યક્તિઓ માટે 5000 અમેરિકન ડોલરથી વધુ રકમની એક્સચેન્જ સુવિધા.

6. ઈમિગ્રેશનના દેશ દ્વારા નિર્ધારિત રકમ અથવા 5000 અમેરિકન ડોલરથી વધુ રકમની ઈમિગ્રેશન માટેની એક્સચેન્જ સુવિધા.

7. વિદેશમાં નજીકના સગાની સારસંભાળ માટે ચૂકવણી.

(i) ભારતની રહેવાસી હોય પરંતુ ભારતમાં કાયમી વસવાટ કરતી ન હોય અને પાકિસ્તાન સિવાયના દેશની નાગરિક હોય તેવી વ્યક્તિના નેટ પગારથી વધુ (કરકપાત, પ્રોવિડન્ટ ફંડમાં યોગદાન અને અન્ય ડિડક્શન બાદ કરતા)

(ii) 5000 અમેરિકન ડોલરથી વધારે પ્રત્યેક સ્વીકારનાર દીઠ તમામ બાકીના કેસમાં.

સ્પષ્ટતાઃ આ આઈટમના હેતુ માટે પોતાની ચોક્કસ ગાળાની રોજગારી માટે ભારતમાં રહેતી વ્યક્તિ (સમયગાળાની કોઈ મર્યાદા નથી) અથવા કોઈ ચોક્કસ કામ કે અસાઈનમેન્ટ માટે રહેતી વ્યક્તિ જેની સમયમર્યાદા ત્રણ વર્ષથી વધારે ન હોય તે રહેવાસી ગણાય. પરંતુ ભારતની કાયમી રહેવાસી ન ગણાય.

8. 25,000 અમેરિકન ડોલરથી વધુ વિદેશી મૂડી અ`વી વ્યક્તિને રિલિઝ કરવી જેમાં સમયગાળાની મર્યાદા ન હોય અને જે બિઝનેસ પ્રવાસ માટે, પરિષદમાં હાજરી અ ાપવા માટે, અથવા ખાસ તાલીમ માટે અથવા વિદેશમાં સારવાર કે ચેકઅપ માટે જતા દર્દીના ખર્ચ માટે અથવા તબીબી સારવાર/ ચેકઅપ માટે વિદેશ જતા દર્દીની સાથે જનાર વ્યક્તિ માટે.

9. વિદેશમાં તબીબી સારવાર માટે ખર્ચ કરવા માટે ભારતીય અથવા વિદેશી હોસ્પિટલ/ ડૉક્ટરે અ ાપેલા અંદાજ કરતા વધારે રકમનો ખર્ચ અ ાવે ત્યારે રિલિઝ કરાતી વિદેશી મૂડી.

10. વિદેશમાં અભ્યાસ કરવા માટે પ્રતિ અ`કેડેમિક વર્ષ દીઠ 30,000 અમેરિકન ડોલર અથવા અંદાજ પ્રમાણે બેમાંથી જે વધારે હોય તેટલી મૂડી રિલિઝ કરવી.

11. રહેણાંક ફ્લેટ/ કોમર્શિયલ પ્લોટના ભારતમાં વેચાણ માટે વિદેશ સ્થિત એજન્ટને ચૂકવવાનું કમિશન જે 5% ઇનવર્ડ રેમિટન્સથી વધારે હોય તેના માટે મૂડી રિલિઝ કરવી.

12. ભારતીય કંપનીઓના ઓવરસીઝ અધિકારીઓને શોર્ટ ટર્મ ક્રેડિટ.

13. વિદેશી ટીવી પર જાહેરખબર માટે એવી વ્યક્તિ તરફથી ચૂકવણી. જેની એક્સપોર્ટની નિકાસ અગાઉના બે વર્ષમાં રૂ.10 લાખથી ઓછી હોય.

14. ટેક્નિકલ કોલોબોરેશન એગ્રીમેન્ટ હેઠળ રોયલ્ટી અને લમ્પસમ ફીના પેમેન્ટ માટે ચૂકવણી જેમાં એગ્રીમેન્ટ રિઝર્વ બેંકમાં રજિસ્ટર્ડ ન હોય.

15. ભારત બહારની કોઈપણ કન્સલ્ટન્સી સર્વિસ માટે પ્રોજેક્ટ દીઠ 1,00,000 અમેરિકન ડોલરથી વધુ રકમની ચકવણી.

16. ભારતમાં ટ્રેડમાર્ક/ ફ્રેન્ચાઈઝીના ઉપયોગ/ અથવા ખરીદી માટે ચૂકવણી.

17. ભારતની કોઈ હસ્તિ દ્વારા પ્રિ-ઇન્કોર્પોરેશન ખર્ચની ચૂકવણી માટે 1,00,000 અમિરેકન ડોલર કરતા વધુ રકમની ચૂકવણી.

ભાગ-II

અધિકૃત ડિલરો દ્વારા વિદેશી મૂડી રિલિઝ કરવી.

એ-1 સામાન્ય

અ) ભારતની રહેવાસી હોય તેવી વ્યક્તિને વિદેશ પ્રવાસ માટે વિદેશી મૂડી રિલિઝ કરવા અધિકૃત ડિલરે ભારત સરકારે વિદેશી મૂડી વ્યવસ્થાપન એક્ટ, 1999ના સેક્સન 5 હેઠળ ઘડેલા નિયમનું પાલન કરવાનું રહેશે. 3મે 2000ના સરકારી જાહેરનામા ક્રમાંક જી એસ આર 381 (E)ના નિયમ 3ના અ ાઈટમ (G) મુજબ નેપાળ અને ભુતાનના પ્રવાસ માટે કોઈ વિદેશી મૂડી રિલિઝ કરવામાં નહીં અ ાવે. જાહેરનામાના શિડ્યૂલ IIIમાં દર્શાવ્યા મુજબની ચોક્કસ મર્યાદા કરતા વધારે વિદેશી મૂડી રિલિઝ કરવા માટે રિઝર્વ બેંકની પૂર્વ મંજૂરી લેવી જરૂરી છે. સરકારી જાહેરનામાના શિડ્યૂલ IIIમાં દર્શાવ્યા પ્રમાણેની મુદતથી વધુ વિદેશી મૂડી માટેની અરજી અ`ક્સચેન્જ કંટ્રોલ ડિપાર્ટમેન્ટની રિઝનલ અ ાફિસના નામે હોવી જોઈઅ`. જેના અધિકાર ક્ષેત્ર હેઠળ અરજકર્તા કાર્યશીલ હોય/ વસવાટ કરતો હોય.

બ, 3 મે 2000ના જાહેરનામા ક્રમાંક 381 (ઇ)ના નિયમ (2)ના ક્લોઝ (બ) મુજબ ડ્રોઅલમાં ઈન્ટરનેશનલ ક્રેડિટ કાર્ડ, ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ, એટીએમ કાર્ડસ વગેરેનો સમાવેશ થશે તેથી સ્પષ્ટતા કરવામાં અ ાવે છે કે, આ સાધનો પણ જાહેરનામા હેઠળ નિયંત્રણોને આધિન છે. આ ઉપરાંત વિદેશી મૂડી વ્યવસ્થાપન એક્ટ, 1999ના સેક્સન 2ના ક્લોઝ (એચ) હેઠળ `કરન્સી'ના અર્થમાં

આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડસનો સમાવેશ થશે. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ પણ 3 મે 2000ના પોતાના જાહેરક્રમાંક ફેમા, 15/2000 આર બી આઈ હેઠળ એટીએમ કાર્ડસ અને ડેબિટ કાર્ડસને `કરન્સી'માં ગણાવેલ છે. તે મુજબ ક્રેડિટ કાર્ડસ, એટીએમ કાર્ડસ અને ડેબિટ કાર્ડસ વગેરે માત્ર ચૂકવણીના પ્રકાર હોવાથી એક્ટ હેઠળ લાગુ પાડવામાં આવેલ તમામ નિયમો, નિયમનો અને સુચનાઓ ક્રેડિટ કાર્ડસ, એટીએમ કાર્ડસ, ડેબિટ કાર્ડસ વગેરેને પણ લાગુ પડશે.

એ-2 મૂડીનું વેચાણ

એ) રિઝર્વ બેંક, ભારત સરકાર દ્વારા પરવાનગી/ મંજૂરી ઈસ્યુ કરવામાં આવી હોય ત્યારે વિદેશી મૂડી પરવાનગી/ મંજૂરી માટે નિર્ધારિત મર્યાદામાં વેચવામાં આવશે અને અસલ પરવાનગી/ મંજૂરી પાછળ આ વેચાણ એન્ડોર્સ કરવામાં આવશે.

બી) કેલેન્ડર વર્ષ દરમિયાન મેળવેલ વિદેશી મૂડીના અનુસંધાને પ્રવાસીએ જે બાંહેધરી આપી હોય તેના આધારે પર્યટન અને અન્ય અંગત હેતુ માટે અધિકૃત ડિલર મૂડી રિલિઝ કરી શકે છે.

સી) વિદેશ પ્રવાસ માટે વેચવામાં આવેલી વિદેશી મૂડી માટે અધિકૃત ડિલરે પ્રવાસીના પાસપોર્ટ પર તેને એન્ડોર્સ કરવાની કોઈ જરૂર નથી. જોકે પ્રવાસી જો વિનંતી કરે તો તે પ્રવાસ માટે વેચવામાં આવેલી વિદેશી મૂડીની વિગતો સ્ટેમ્પ, તારીખ અને સહી સાથે રેકર્ડ કરી શકે છે.

ડી) ટ્રાવેલર્સ ચેક્સ અપાયા હોય તેવા સંજોગોમાં પ્રવાસીએ અધિકૃત અધિકારીની હાજરીમાં ચેક પર સહી કરવાની રહેશે અને ટ્રાવેલર્સ ચેક્સ માટે ખરીદનારની સ્વીકૃતિ રસિદ જાળવવાની રહેશે.

ઈ) પ્રવાસીને વેચવામાં આવનાર વિદેશી મૂડી વિદેશી ચલણી નોટ અને સિક્કાના સ્વરૂપમાં હોય ત્યારે તે નીચેના સ્વરૂપમાં વેચી શકાશે.

(i) ઇરાક, લિબિયા, ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાન, રશિયન ફેડરેશન અને કોમનવેલ્થ ઓફ ઇન્ડિપેન્ડન્ટ સ્ટેટસના અન્ય ગણરાજ્યો સિવાયના દેશમાં જતા પ્રવાસીઓ

2000 અમેરિકન ડોલર કે તેના સમકક્ષથી વધુ નહીં.

(ii) ઇરાક અને લિબિયા જતા પ્રવાસીઓ

5000 અમેરિકન ડોલર કે તેના સમકક્ષથી વધુ નહીં.

(iii) ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઇરાન, રશિયન ફેડરેશન અને કોમનવેલ્થ ઓફ ઇન્ડિપેન્ડન્ટ સ્ટેટસના અન્ય ગણતંત્રો

સંપૂર્ણ મૂડી રીલિઝ કરવી.

એફ. વિદેશ પ્રવાસે જતા પ્રવાસીને વેચાયેલ વિદેશી મૂડી અંગેના ફોર્મ-2ને અધિકૃત વ્યક્તિએ એક વર્ષ સુધી જાળવવાનું રહેશે અને ઇન્ટરનલ ઓડિટર્સ તેની ચકાસણી કરી શકે તે માટે સંબંધિત દસ્તાવેજો પણ સાચવવાના રહેશે.

એ-3 તબીબી સારવાર

વિદેશ પ્રવાસે ગયા બાદ બીમાર પડેલી વ્યક્તિને ભારત બહાર તબીબી સારવાર માટે 3 મે 2000ના જાહેરનામા ક્રમાંક જી એસ આર 38/( ઇ) ના નિયમ 5 હેઠળ વિદેશી મૂડી રિલિઝ કરી શકાશે.

એ-4 સાંસ્કૃતિક ટૂર્સ

નર્તકો, કલાકારો વગેરે જેઓ સાંસ્કૃતિક હેતુ માટે વિદેશ પ્રવાસે જવા માગતા હોય તેઓ માનવ સંસાધન વિકાસ મંત્રાલય (શિક્ષણ અને સાંસ્કૃતિક બાબતોનો વિભાગ) ભારત સરકારને વિદેશી મૂડીની આવશ્યક્તાને લગતી ભલામણો કરી શકશે. મંત્રાલયે મંજૂર કરેલી રકમના આધારે અધિકૃત ડિલર મૂડી રિલિઝ કરી શકશે.

એ-5 અંગત પ્રવાસ

અંગત પ્રવાસ માટે વિદેશી મૂડી એવી વ્યક્તિને રિલિઝ કરી શકાશે જેને કોઈ હેતુ માટે વિદેશ પ્રવાસ માટે વિદેશી મૂડી મળી રહી છે.

એ-6 ચોક્કસ કિસ્સામાં વિદેશી મૂડીના ઉપયોગની ચકાસણી

અધિકૃત ડિલરે જ્યારે કેટલાક અંદાજોના આધારે વિદેશી મૂડી રિલિઝ કરી હોય જેમ કે વિદેશમાં તબીબી સારવાર કે તબીબી ચેકઅપ વગેરેના અંદાજ હોય ત્યારે અધિકૃત ડિલરે તેની ચકાસણી કરીને ખાતરી કરવાની રહેશે કે ખર્ચની અસલ વિગતો અરજકર્તાએઅધિકૃત ડિલરની શાખાએ રજૂ કરી છે. જ્યાંથી વિદેશી મૂડી રિલિઝ કરવામાં આવી હોય. આ વિગતો તેના ભારત આવ્યાના એક પખવાડિયામાં રજૂ થઈ હોવી જોઈએ. જો યોગ્ય સમયમર્યાદામાં વિગતો રજૂ કરવામાં ન આવે તો તેની જાણ રિઝર્વ બેંકની રિઝનલ ઓફિસને કરવાની રહેશે. જેના અધિકારક્ષેત્ર હેઠળ અરજકર્તા રહેતો હોય.

એ-7 વિદેશી મૂડી સરેન્ડર કરવાનો સમયગાળો

કોઈપણ હેતુ માટે ખરીદવામાં આવેલી વિદેશી મૂડી તે હેતુ માટે ખર્ચાય નહીં અથવા તો ફેમા, 1999ની જોગવાઈઓ કે તેની હેઠળ ઘડવામાં આવેલા નિયમો કે નિયમનો હેઠળ વિદેશી મૂડી ખર્ચી ન શકાય તો તે રકમ અધિકૃત વ્યક્તિને ખરીદીની તારીખથી 60 (સાઠ) દિવસની અંદર પરત કરી શકાશે. (3 મે 2000ના જાહેરનામા ક્રમાંક ફેમા 7/2000 આર બી હેઠળ)

નોંધઃ જો કોઈ કિસ્સામાં વ્યક્તિ 60 દિવસની મુદત પછી વિદેશી મૂડી સરેન્ડર કરવા જાય તો 60 દિવસની મુદત વીતી ગઈ છે એવું કારણ આપીને અધિકૃત વ્યક્તિ વિદેશી મૂડી પાછી ખરીદવાનો ઇનકાર ન કરી શકે.

એ-8 બિનખર્ચાયેલી વિદેશી મૂડી

વિદેશ પ્રવાસ દરમિયાન બિનખર્ચાયેલી વિદેશી મૂડી/કરન્સીના રૂપમાં હોય તો પ્રવાસીએ ભારત પરત આવ્યાની તારીખથી 90 દિવસની અંદર અધિકૃત વ્યક્તિને પરત આપવાની રહેશે. જો આ વિદેશી મૂડી ટ્રાવેલ્સ ચેકના સ્વરૂપમાં હોય તો પરત આવ્યાની તારીખથી 180 દિવસની અંદર અધિકૃત વ્યક્તિને તે પરત આપવાના રહેશે. આ રીતે પરત લવાયેલ વિદેશી મૂડીનો ઉપયોગ પ્રવાસી તેના ભવિષ્યના પ્રવાસ દરમિયાન કરી શકે છે. જોકે પરત આવનાર પ્રવાસી પોતાની સાથે 2000 અમેરિકન ડોલર સુધીની મર્યાદામાં વિદેશી ચલણ, ટ્રાવેલ્સ ચેક અને નોટ રાખી શકે છે અને ચલણી સિક્કા કોઈપણ મર્યાદા વગર રાખી શકે છે. (3 મે 2000ના જાહેરનામા ક્રમાંક ફેમા 11 (2000 આર બી હેઠળ) આ રીતે ફાળવી અપાયેલી વિદેશી મૂડી પ્રવાસી તેના આગામી વિદેશ પ્રવાસ માટે ઉપયોગમાં લઈ શકે છે.

નોંધ- જ્યારે કોઈ વ્યક્તિ નિર્ધારિત સમયમર્યાદા વીતી ગયા બાદ વિદેશી મૂડી પરત આપવા માટે અધિકૃત વ્યક્તિ પાસે જાય ત્યારે સમયમર્યાદા પૂરી થઈ ગઈ છે એવું કારણ આપીને તે વ્યક્તિ વિદેશી ચલણ સ્વીકારવાનો ઇનકાર ન કરી શકે.

એ-9 ટૂરની વ્યવસ્થાની ચૂકવણી વગેરે.

I અધિકૃત ડિલરો ચોક્કસ મર્યાદા સુધી વિદેશી મૂડી પ્રવાસીની વિનંતી પર તેના હોટલ રહેઠાણ, ટૂર વ્યવસ્થા વગેરે માટે રિલિઝ કરી શકે છે. જેમાં એવી શરત રહેશે કે તે વ્યક્તિએ અધિકૃત વ્યક્તિ પાસેથી ખરીદેલ વિદેશી મૂડી ખતમ થઈ ગઈ હોય (વિદેશમાં અંગત પ્રવાસ માટે ઉપાડેલી રકમ સહિત) જેમાં વર્તમાન નિયમો, નિયમનો અને સૂચનો લાગુ પડશે.

II અધિકૃત ડિલરો ભારતમાં એજન્ટોની વિનંતીના આધારે ચૂકવણી કરી શકશે. જેમણે ભારતના પ્રવાસ માટે વિદેશમાં હોટલમાં રહેઠાણ અને ટૂરના અન્ય આયોજનો માટે કરાર કરેલા હોય અને તેમાં અધિકૃત ડિલરને એ બાબતનો સંતોષ હોય કે અમલમાં રહેલા નિયમો, નિયમનો અને સૂચનાઓ પ્રમાણે અધિકૃત વ્યક્તિ પાસેથી ખરીદાયેલ (વિદેશમાં અંગત પ્રવાસ માટે ઉપાડાયેલ વિદેશી મૂડી સહિત) મૂડીથી જ આ ચૂકવણી કરવામાં આવી રહી છે.

III અધિકૃત વ્યક્તિઓ ભારતમાં એવા એજન્ટના નામે ફોરેન કરન્સી એકાઉન્ટ ખોલાવી શકશે. જેણે ભારતના પ્રવાસીઓ માટે વિદેશમાં હોટલ રહેઠાણ અથવા ટૂરની અન્ય વ્યવસ્થાઓ માટે હોટલો/ એજન્ટો સાથે કરાર કરેલા હોય જેમાં આ શરતો લાગુ પડશે.

અ. એકાઉન્ટમાં ક્રેડિટ ડિપોઝીટરી કરવામાં આવી હોય.

(i) પ્રવાસીઓ પાસેથી વિદેશી મૂડીમાં કરાયેલું કલેક્શન અને

(ii) બુકિંગ્સ/ ટૂર વ્યવસ્થા વગેરે રદ થવાથી ભારત બહારથી મળેલું કલેક્શન અને

બ. ઉપર મુજબના II પ્રમાણે વિદેશી મૂડીમાં ડેબિટ હોટલ રહેઠાણમાં અને ટૂરની વ્યવસ્થામાં ચૂકવણી કરવા માટે કરાઈ હોય.

એ-10 રૂપિયામાં ચૂકવણી

અધિકૃત વિક્રેતાઓ રૂ.50,000 (રૂપિયા પચાસ હજાર) સુધીની રોકડ રકમ વિદેશ પ્રવાસ માટે વિદેશી મૂડીના વેચાણ (અંગત પ્રવાસ કે અન્ય કોઈપણ હેતુસર) સામે મેળવી શકશે. જ્યારે પણ વિદેશી મૂડીનું વેચાણ રૂ.50,000ની સમકક્ષ રકમથી વધી જાય ત્યારે ચૂકવણી માત્ર (i) અરજકર્તાના બેંક એકાઉન્ટના નામે પેઢી/કંપની । બેંક એકાઉન્ટના નામે ક્ ોસ્ડ ચેકથી અથવા (ii) બેંકર્સ ચેક/ પે ઓર્ડર/ ડિમાન્ડ ડ્રાફ્ટથી જ સ્વીકારવી.

નોંધઃ જ્યારે વિદેશી મૂડીમાં રકમ સિંગલ ડ્રોઅલ અથવા એક જ મુસાફરી/ પ્રવાસ માટે એક કરતા વધુ ડ્રોઅલથી રૂ.50,000 કરતા વધી જાય ત્યારે તેની ચૂકવણી ઉપર જણાવ્યા પ્રમાણે ચેક અથવા ડ્રાફ્ટથી કરવાની રહેશે.

એ-11 એડવાન્સમાં ચૂકવણી

અધિકૃત ડિલરો કરન્ટ એકાઉન્ટની લેવડદેવડ માટે એડવાન્સ ચૂકવણીની મંજૂરી આપી શકશે. જેના માટે વિદેશી મૂડી રિલિઝ કરી શકાય તેમ હોવી જોઈએ. જેમાં એવી શરત રહેશે કે ચૂકવણીની રકમ 25,000 અમેરિકન ડોલર અથવા સમકક્ષ કરતા વધુ ન હોવી જોઈએ. જ્યારે રકમ 25,000 અમેરિકન ડોલર કરતા વધારે અથવા તેની સમકક્ષ હોય ત્યારે ભારત બહાર સ્થિત આ ંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી બેંકની ગેરંટી અથવા ભારતમાં સ્થિત અધિકૃત ડિલરની ગેરંટી આપવી. જો આવી ગેરંટી ભારત બહારની આ ંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી બેંકના કાઉન્ટર ગેરંટી સામે મેળવવામાં આવી હોય તો તે વિદેશી બેનિફિશિયરી તરફથી મેળવવાની રહેશે. અધિકૃત ડિલરે આવા કિસ્સામાં ચકાસણી કરીને એ બાબતની ખાતરી કરવાની રહેશે કે એડવાન્સ ચૂકવણીનો લાભ લેનારે ભારત સ્થિત ચૂકવણી કરનાર તરફથી કરાર અથવા સંધિનું પાલન કરેલું છે.

ભાગ-III

ફૂલ ફ્લેજ્ડ મની ચેન્જર્સ (એફએફએમસી) તરફથી વિદેશી મૂડી રિલિઝ કરવી.

એ-1 સામન્ય

16 મે 2000ના પરિપત્ર ક્રમાંક 11ના એડી (એમ.એ. સિરિઝ)ના પેરા 4 પ્રત્યે ફૂલ ફ્લેજ્ડ મની ચેન્જર્સ (એફએફએમસી)નું ધ્યાન દોરવામાં આવે છે. જેમાં દર્શાવવામાં આવેલ છે કે તેના દિશાનિર્દેશો મની ચેન્જર્સને તે સંપૂર્ણપણે લાગુ પડશે અને સમયાંતરે સુધારેલી એફએલએમ/આરએલએમની જોગવાઈઓને તે આધિન રહેશે. ફેમા, 1999ના સંદર્ભમાં વર્તમાન નિયમો નીચે મુજબ સુધારેલ છે.

એ-2 મંજૂર કરેલ હેતુ માટે રિલિઝ કરવાની વિદેશી મૂડીનું પ્રમાણ

(અ) એક અથવા વધુ વિદેશ પ્રવાસ માટે એક કેલેન્ડર વર્ષમાં વ્યક્તિદીઠ વિદેશી મૂડી 5000 અમેરિકન ડોલર કે તેનાથી વધુ નહીં (નેપાળ અને ભૂતાન સિવાય) જે બીટીક્યુ (એફએલએમના પેરા 10) હેઠળ મંજૂર કરાયેલ મૂડીનું પ્રમાણ છે.

(બ) અત્યારે વિદેશી મૂડીની અખાતી પરવાનગી હેઠળ બિઝનેસ પ્રવાસ માટે સમયગાળાની મર્યાદા વગર વ્યક્તિને 25,000 અમેરિકન ડોલરથી વધુ નહીં તેટલા પ્રમાણમાં વિદેશી મૂડી (એફએલએમના પેરા-11)

એ-3 દસ્તાવેજીકરણ

વિદેશી મૂડી રિલિઝ કરતી વખતે મની ચેન્જરે કયા દસ્તાવેજોની ચકાસણી કરવી તે હવેથી રિઝર્વ બેંક નહીં જણાવે. આવા સંજોગોમાં મની ચાર્જરનું ધ્યાન ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ 1999 (1999ના 42) ના સેક્સન 10ના પેટા સેક્સન (5) તરફ દોરવામાં આવે છે. જે મુજબ કોઈપણ સત્તાવાર વ્યક્તિ વિદેશી મૂડીના સંબંધમાં બીજી કોઈ વ્યક્તિ વતી લેવડદેવડ કરવા માગતી હોય ત્યારે એ બાબતની કાળજી રાખવી કે તે વ્યક્તિ આ અંગે બાંહેધરી આપે અને માહિતી પૂરી પાડે જેનાથી તેને સંતોષ થાય કે આ લેવડદેવડનો હેતુ એક્ટના કોઈપણ નિયમ, નિયમન, જાહેરનામા, સૂચના કે આદેશની જોગવાઈના ભંગ સમાન કે તેના ઉલંઘન રૂપ નથી. મની ચેન્જર્સને આ અંગે બધી વિગતો રેકર્ડ પર રાખવાની ભલામણ કરવામાં આવે છે. જેથી રિઝર્વ બેંક તેની ચકાસણી કરી શકે. ઉપરના કલોજમાં વધુમાં એમ પણ જણાવાયેલ છે કે જણાવેલ વ્યક્તિ (અરજકર્તા) જરૂરિયાત પ્રમાણે સંતોષજનક વિગતો ન આપે ત્યારે અધિકૃત વ્યક્તિએ આવી લેવડદેવડ કરવાની લેખિતમાં ના પાડવી જોઈએ અને તે વ્યક્તિ કોઈ નિયમનો ભંગ કરવા/દુરુપયોગ કરવા માગે છે એવું લાગે તો આ બાબત વિશે રિઝર્વ બેંકને જાણ કરવી જોઈએ.

એ-4 પાસપોર્ટ પર એન્ડોર્સમેન્ટ

વિદેશપ્રવાસ માટે વેચવામાં આવેલી વિદેશી મૂડીનું પ્રમાણ એન્ડોર્સ કરવું અધિકૃત વ્યક્તિ માટે ફરજિયાત નથી. જોકે, જો પ્રવાસી વિનંતી કરે તો તેઓ પોતાના સ્ટેમ્પ, તારીખ અને સહી સાથે પ્રવાસ માટે વેચાયેલ વિદેશી મૂડીનો રેકર્ડ રાખી શકે છે.

એ-5 એફએલએમ જોગવાઈઓ

એફએફએમસી પર એફએલએમની બાકીની તમામ જોગવાઈઓ લાગુ પડશે.